# જિલ્લામાં તહેવારો ટાણે ટ્રાફીક વ્યવસ્થા ચિંથરેહાલ

## રખડતાં ઢોર-આડેધડ વાહનોના જમેલાથી પરેશાની : ટ્રાફીક પોઈન્ટ ઉપર નિયમનના દેખાડા

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૩૧ સાબરકાંઠા, અરવલ્લી



જિલ્લામાં આગામી દિપાવલીના તહેવારોનું કાઉન્ટ ડાઉન શરૂ થયું છે. કોરોનાના હાઉમાંથી માંડ બહાર આવેલી પ્રજા ધીરે ધીરે ખરીદી અર્થે ઘરની બહાર નિકળવા લાગી છે ત્યારે બંન્ને જિલ્લાના જિલ્લા અને તાલુકા મથકો ઉપર તહેવારો ટાણે ટ્રાફીક વ્યવસ્થા ચિંથરે હાલ બની છે. બજાર તેમજ મુખ્ય માર્ગો ઉપર રખડતા ઢોર અને આડેધડ પાર્ક કરેલા વાહનોના જમેલાથી ટ્રાફીક નિયમનનો છેદ ઉડી ગયો છે. જ્યારે ટ્રાફીક પોલીસ દ્વારા નિયત કરેલા પોઈન્ટ ઉપર ટ્રાફીક નિયમનના માત્ર દેખાડા થઈ રહ્યા છે.

જિલ્લાના શહેરી વિસ્તારોમાં ટ્રાફીકનું સુચારૂરૂપ સંચાલન થાય તે માટે પોલીસની સાથે ટી.આર.બી.ના જવાનોને કામગીરી સોંપવામાં આવી ત્યારે શરૂઆતના દિવસોમાં જટીલ બનતી ટ્રાફીકની સમસ્યા ઉપર થોડો ઘણો અંકુશ આવ્યો હતો પરંતુ સમય વિતતો ગયો તેમ ટ્રાફીકની કામગીરી સંભાળનારા જવાનો ખાખી વર્દીના કામગરા બની ગયા છે. જેના કારણે ટ્રાફીકનું સંચાલન ખોરંભે પડ્યું છે. મોટાભાગના ટી.આર.બી. જવાનો પોલીસ કર્મચારીઓની આગતા સ્વાગતા કરવામાંથી ઉંચા આવતા નથી. હાલમાં તહેવારોની સીઝન શરૂ થઈ છે ત્યારે શહેરી વિસ્તારોમાં ટ્રાફીક વ્યવસ્થા માથાના દુ:ખાવારૂપ બનતી જાય છે. જિલ્લા અને તાલુકા મથકો ઉપર સવારથી ખરીદદારોની સંખ્યામાં જેમ વધારો થાય તેમ બજારોમાં ટ્રાફીકજામના દ્રશ્યો સ્વાભાવિક બની ગયા છે. કેટલાક શહેરી વિસ્તારોમાં તો જવાબદાર તંત્રએ રખડતા પશુઓનો



કાયમી ઉકેલ શોધ્યો નથી જેના કારણે માર્ગો ગમાણોમાં ફેરવાઈ ગયા છે. એક તરફ તહેવારોની ખરીદી શરૂ થઈ છે અને બીજી તરફ રખડતાં પશુઓની સાથે માર્ગોની સાઈડોમાં આડેધડ વાહનોનો જમેલો થઈ જતો હોવાથી રાહદારીઓની મુશ્કેલી વધી છે.

# દિપાવલીનો ઉત્સાહ : જિલ્લામાં ક્વોરી ઉદ્યોગના શ્રમિકો વતન ભણી, ક્વોરી ઉદ્યોગ સપ્તાહથી-પખવાડિયા સુધી ઠપ્પ

## ૨૦૦૦ શ્રમિકો માદરે વતન જતાં ઉદ્યોગ સ્થળો સૂમસામ, ટ્રાન્સપોર્ટરોએ પણ વાહનોનાં પૈડાં થંભાવ્યાં

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૩૧ દિપાવલી પર્વનો ઉત્સાહ સૌ કોઈમાં જોવા મળી રહ્યો છે. અરવલ્લી જિલ્લામાં ધમધમતા ૧૨૦ થી વધુ ક્વોરી ઉદ્યોગમાં કામ કરતા ૨૦૦૦ થી વધુ શ્રમિકો માદરે વતન રવાના થતાં ક્વોરી ઉદ્યોગનું પ્રોડક્શન ઠપ્પ થઈ ગયું છે. એક સપ્તાહ પછી ક્વોરી ઉદ્યોગ ફરી ધમધમતો થશે. દિપાવલીના વેકેશનના કારણે ક્વોરી ઉદ્યોગ બંધ રહેતાં રાજ્ય સરકારને કરોડો રૂપિયાની રોયલ્ટીની આવકનો ફટકો પડશે. કપચી, ગ્રીટ, મેટલ લઈને દોડતા વાહનોના પણ પૈડાં થંભી જતાં ડીઝલ પંપોના માલિકોને પણ નુકસાન થઈ રહ્યું છે.

પર્વાધિરાજ પર્વ દિપાવલીનો ઉત્સાહ ગરીબ, અમીર અને મધ્યમ વર્ગીય એમ તમામ પરિવારોમાં જોવા મળી રહ્યો છે. શ્રમજીવીઓ હોળી, ધુળેટી પર્વ



અને દિપાવલી પર્વમાં વતનની વાટ પકડી લેતા હોય છે. સાઠંબા, વાત્રક, સીમલી, જશવંતપુરા, વડાગામ, રાજપુર, ધનસુરા સહિતના વિસ્તારોમાં અસંખ્ય ક્વોરી ઉદ્યોગ દિવસ-રાત ધમધમી રહ્યા છે અને રાજ્યમાં બાંધકામ માટે જરૂરી ગ્રીટ, કપચી, મેટલનું મટીરીયલ્સ પુરૂ પાડી રહ્યા છે. જેમાં મોટાભાગે પંચમહાલ, દાહોદ, મહિસાગર અને રાજસ્થાનના શ્રમિકો કામગીરી કરી રહ્યા છે પરંતુ દિપાવલી પર્વ શરૂ થાય તે પૂર્વે શ્રમિકોએ વતનની વાટ પકડતાં ક્વોરી ઉદ્યોગકારોને ફરજીયાત પોતાના ધંધા બંધ કરવાની ફરજ પડી છે. ક્વોરી ઉદ્યોગ ઠપ્પ થઈ જતાં બાયડ-ધનસુરા તાલુકાના સીમાડા શાંત થઈ જશે. મોટાભાગના શ્રમિકો સપ્તાહ કે પછી પખવાડીયા પછી પુન: કામધંધે આવે તેવી શક્યતા છે. કેટલાક ક્વોરી ઉદ્યોગકારોએ શ્રમિકો માદરે વતન જનારા હોવાથી હજારો ટન કપચી, ગ્રીટ, મેટલના ઢગ એકત્ર કરી લીધા હતા તેમ છતાં શ્રમિકો વતન ગયા હોવાથી ક્વોરી ઉદ્યોગની જમ્બો મશીનરીને અત્યારે આરામ મળી રહ્યો છે. જ્યારે ક્વોરી ઉદ્યોગ ઉપર નભતા ટ્રાન્સપોર્ટરોએ લાભપાંચમ સુધી પોતાના વાહનોના પૈડાં થંભાવી દીધા છે.

# દિવાળીનું કાઉન્ટ ડાઉન શરૂ : સાબરકાંઠા એસ.ટી. ડીવીઝન દ્વારા વધારાની ૧૦૦ એસ.ટી. બસો દોડાવવાનું આયોજન

## અમદાવાદ, મહિસાગર, પંચમહાલની વધારાની એસ.ટી. બસો દોડાવાશે

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૩૧ સાબરકાંઠા એસ.ટી. ડીવીઝન દ્વારા આ વર્ષે પણ દિવાળીને અનુલક્ષી વધારાની ૧૦૦ એસ.ટી. બસો દોડાવવાનું આયોજન થઈ રહ્યું છે. ખાસ કરીને અમદાવાદથી મહિસાગર અને પંચમહાલ જિલ્લા તરફ તહેવારોમાં મુસાફરોનો વધુ પ્રવાહ રહેતો હોવાથી એસ.ટી. નિગમે વધારાના રૂટ દોડાવવાની તૈયારીઓ શરૂ કરી છે. કોરોનાની મહામારીની અસર વચ્ચે પણ દિપાવલીના તહેવારોનો ઉત્સાહ જામતો હોવાથી મુસાફરોના પ્રવાહને પહોંચી વળવા માટે આગોતરાં આયોજનો થઈ રહ્યાં છે.

સલામત સવારી એસ.ટી. અમારી આમ તો સતત ખોટના ખાડામાં ધકેલાઈ રહી છે. પરંતુ તહેવારો સમયે એસ.ટી. નિગમને મુસાફરોના રૂપમાં આવકને તગડો ફાયદો થતો હોય છે જેથી તંત્ર દ્વારા જે વિસ્તાર તરફ મુસાફરોનો વધુ ધસારો રહેતો હોય તે વિસ્તારોમાં વધારાની એસ.ટી. બસો દોડાવી ખોટ સરભર કરવાના પ્રયાસ હંમેશ થતા હોય છે. આ વર્ષે પણ દિપાવલીના તહેવારો નજીક આવતાં સાબરકાંઠા એસ.ટી. ડીવીઝન તાબાના ૮ એસ.ટી. ડેપો



દ્વારા અમદાવાદ, મહિસાગર, પંચમહાલ, સંતરામપુર, ગોધરા સહિતના વિસ્તારોમાં મુસાફરોની વધતી જતી અવર જવરને ધ્યાનમાં રાખી આગામી ટૂંક સમયમાં જ વધારાની એસ.ટી. બસો દોડાવવા માટે આયોજન થઈ રહ્યું છે. ગત વર્ષે વિભાગ દ્વારા ૧૦૦ થી પણ વધુ વધારાની એસ.ટી. બસો દોડાવી તહેવારોમાં વધારાની લાખો રૂપિયાની આવક મેળવી હતી. પરંતુ આ વખતે કોરોનાની મહામારીના કારણે ગત વર્ષની જેમ આ વર્ષે પણ મુસાફરોનો ધસમસતો પ્રવાહ બસ મથકોમાં રહેશે કે કેમ..?? તે સવાલ સાથે હાલ તો વધારાની એસ.ટી. બસો કયા વિસ્તારમાં દોડાવવી તેની માથાપચ્ચી તંત્રના અધિકારીઓ દ્વારા શરૂ થઈ છે. જિલ્લામાં દિપાવલીના તહેવારોનું કાઉન્ટ ડાઉન શરૂ થયું છે.

# સરકારની વિવિધ યોજનાઓનો લાભ લેવો જોઈએ તેમજ સરકાર વિકાસના કામ માટે હર હંમેશ કટીબદ્ધ છે : ગજેન્દ્રસિંહ પરમાર

## ભિલોડાના જૂમસર ખાતે રાજ્ય કક્ષાના મંત્રીની અધ્યક્ષતામાં "૧૩૧મી નવીન જુમસર શાખા" નું ઉદ્‌ઘાટન

બાયડ તા.૩૧ અરવલ્લી ભિલોડાના જુમસર ગામ ખાતે અન્ન અને નાગરિક પુરવઠો અને ગ્રાહક




સુરક્ષાની બાબતોના રાજ્ય મંત્રીશ્રી ગજેન્દ્રસિંહ પરમારની અધ્યક્ષતામાં તથા રાજ્યસભાના સાંસદશ્રી નરહરિ અમીનની ઉપસ્થિતિમાં "ધી સાબરકાંઠા જીલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી. હિંમતનગર" ની "૧૩૧ મી નવીન જુમસર શાખા" નું ઉદ્‌ઘાટન કરાયુ.

જે અંતર્ગત તલાટી કમમંત્રી શ્રી રાહુલભાઈ પંડ્યા, પોસ્ટમેન હરિભાઈ પાંડવ તેમજ ગ્રામસેવકનું રાજ્ય મંત્રીશ્રી ગજેન્દ્રસિંહ પરમાર તથા રાજ્યસભાના સાંસદશ્રી નરહરિ અમીન તેમજ બેંકના ચેરમેનશ્રી મહેશભાઈ પટેલ દ્વારા વિશેષ સન્માન કરાયું હતું.

આ પ્રસંગે રાજ્યમંત્રી શ્રી ગજેન્દ્રસિંહ પરમારે જણાવ્યું હતુ કે, આજનો દિવસ એ આપણા સૌ માટે ખાસ છે. આજના દિવસે સરદાર વલ્લભાઈ પટેલની જન્મજયંતિ છે. તેમણે શ્રદ્ધાસુમન અર્પણ કરું છુ. આપણા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગામડાના નાનામાં નાના માણસને બેંક સુધી જનધન ખાતા ખોલીને આવતા કર્યા છે અને નાણાકીય લેવડદેવડ માટે જોડ્યા છે અને તેમના ખાતામાં સીધાં નાણાં જમા કર્યા છે. ગામડાના દરેક ઘરમાં બેંકની પાસબુક પહોંચતી કરી છે. દરેકે રૂ.૧૨ અને રૂ.૩૩૦ વીમો અચૂક લેવો જોઈએ. જેનાથી આસ્કિમક ઘટના સમયે પરિવારને આર્થિક સહાય થાય છે.સરકાર પોતે ગેરંટી સાક્ષી બની છે, લોન અપાવે છે અને બેંકના કર્મચારીઓને ધન્યવાદ આપું છું અને શાહુકારોના ચુંગાલમાંથી મુક્ત કર્યા છે. આપણી સરકાર એ ગરીબોની સરકાર છે. દરેકે સરકારની વિવિધલક્ષી યોજનાઓનો લાભ લેવો જોઈએ. તેમજ સરકાર વિકાસના કામ માટે હર હંમેશ કટીબદ્ધ છે. આપણે સૌ સાથે મળીને વિકાસ કરીશું.

આ પ્રસંગે રાજ્યસભાના સાંસદશ્રી નરહરિ અમીન જણાવ્યું કે, આજે સરદાર પટેલની જન્મજયંતિ નિમિત્તે શ્રદ્ધાંજલિ અર્પુ છું. સરકાર હરહમેશ ખેડૂતોની સાથે છે. "ધી સાબરકાંઠા જીલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી. હિંમતનગરની અંદર રૂ.૩૩૨૮ કરોડનું શેર ભંડોળ છે. ગુજરાત તેમજ સમગ્ર ભારતના લોકોએ રૂ.૨,૬૮,૦૦૦ કરોડ ડીપોઝીટ જમા કરી છે. આ બેંકને ૨૦૨૦માં દેશમાં એવોર્ડ પ્રાપ્તિ થઈ છે. તેમજ આવનારા દિવસોમાં આ બેંકને લોકો સારી રીતે સહકાર આપે તથા બેંકના કર્મચારીશ્રીઓને સાથ અને સહકાર આપે.

આ પ્રસંગે બેંકના ચેરમેનશ્રી મહેશભાઈ પટેલ, ઈડર ધારાસભ્યશ્રી હિતુ કનોડિયા તથા પ્રમુખશ્રી જે.ડી. પટેલે પ્રસાંગિક પ્રવચન આપ્યું હતું. મેનેજીંગ ડિરેક્ટરશ્રી પંકજભાઈ, સહકારી દૂધ મંડળીના ચેરમેનશ્રી, ડિરેક્ટરશ્રી જ્યોતિન્દ્ર ભાઈ, ડિરેક્ટરશ્રી સૌરભ ભાઈ, પૂર્વ ડિરેક્ટરશ્રી કનુભાઈ, ઈશ્વરભાઈ સુથાર, હિતેશભાઈ, આચાર્યશ્રી નરેશભાઈ પટેલ, બેંકના કર્મચારીશ્રીઓતેમજ બહોળીસંખ્યામાં ગ્રામજનોઉપસ્થિત રહ્યા હતા.

# ઓહ બાપરે..!! ઉત્તર ગુજરાતમાં ૩૦૦૦ થી વધુ ઈમારતો ફાયર એન.ઓ.સી. વગરની

## શહેરી વિસ્તારોમાં ફાયર સેફ્ટીના ધજાગરા

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૩૧ ઉત્તર ગુજરાતમાં આગના બનાવોમાં નોંધપાત્ર વધારો થયો છે ત્યારે હોસ્પિટલો અને શૈક્ષણિક સંકુલો સિવાયના ૩૦૦૦થી



વધુ ઈમારતોમાં આજે પણ ફાયરસેફ્ટીની એન.ઓ.સી. ન હોવાની સનસનીખેજ વિગતો સામે આવી છે. કેટલી ઈમારતો પાસે ફાયર સેફ્ટીની સુવિધા નથી તે બાબતે મોટાભાગની નગરપાલિકાઓ પાસે પણ યોગ્ય જાણકારી નથી કારણ કે ફાયર સેફ્ટીની માન્યતા આપવાના અધિકાર ગાંધીનગરમાં છે. જેથી અમારી પાસે વિગતો આવતી નથી. અમને માત્ર ફાયર સેફ્ટીની એન.ઓ.સી. લેવા માટેની દરખાસ્ત ફાઈલ આવે એટલે વિભાગને મોકલી આપીએ છીએ. તાજેતરમાં જ અમદાવાદની ખાનગી હોસ્પિટલમાં આગ ભભૂકતાં કોરોનાના દર્દીઓના મોત નિપજ્યા હતા. ત્યાર પછી એક્શનમાં આવેલી સરકારે ગુજરાતી આરંભે સૂરોની જેમ તપાસના આદેશ આપ્યા પરંતુ ત્યાર પછી ઉત્તર ગુજરાતના તમામ જિલ્લામાં ફાયર સેફ્ટીની એન.ઓ.સી. હોય કે ન હોય તંત્રને કોઈ ફેર પડતો નથી તેવી સ્થિતિ ઉદ્‌ભવી રહી છે.

અકસ્માતે આગ લાગવાના બનાવો છતાં સરકારી તંત્ર તો ઠીક પરંતુ પ્રજાને પણ તેની જરાય ગંભીરતા નથી. ઉત્તર ગુજરાતમાં કેટલીય ઈમારતોમાં ફાયર સેફ્ટી વગર જ ધંધા-વ્યવસાય ધમધમી રહ્યા છે. અગાઉ સુરત સહિતની આગની



હોનારતો પછી સરકાર સફાળી જાગી હતી અને ફાયર સેફ્ટી વગરના એકમો સામે પગલાં ભરવાની શરૂઆત કરી હતી પરંતુ ટૂંક સમયમાં જ બધું નેવે મૂકી દેવાયું છે. ઉત્તર ગુજરાતમાં હાલની સ્થિતિએ ફાયર સેફ્ટી કાગળ ઉપર રહી હોય તેમ ફાયર એન.ઓ.સી. વગરની ૩૦૦૦ થી વધુ ઈમારતોમાં જો સામાન્ય આગ લાગે તો પણ મોટું વિકરાળ સ્વરૂપ ધારણ કરી લે તેવી ભીતી છે. અગાઉ અમદાવાદની શ્રેય હોસ્પિટલમાં આગ લાગી ત્યારે ફાયર એન.ઓ.સી.નો મામલો ફરીથી ચર્ચામાં આવ્યો હતો. વડોદરામાં પણ આગની ઘટના સામે આવી હતી તેમ છતાં સરકારી તંત્ર જ ફાયર સેફ્ટીને નજર અંદાજ કરી રહ્યું છે. આગના બનાવો સતત વધતાં હાઈકોર્ટ દ્વારા ફાયર એન.ઓ.સી.ની વિગતો માંગવામાં આવી જેમાં શરૂઆતમાં સામાન્ય ગંભીરતા જોવા મળી હતી પરંતુ પાછળથી બધું જ કોરાણે મૂકાઈ ગયું છે. ઉત્તર ગુજરાતના સાબરકાંઠા, અરવલ્લી, મહેસાણા, બનાસકાંઠા અને પાટણ જિલ્લાના શહેરી વિસ્તારોમાં કુદકે ને ભૂસકે વિકાસ થઈ રહ્યો છે અને કોમર્શિયલ બિલ્ડીંગો ખડકાઈ રહ્યાં છે પરંતુ મોટાભાગે ફાયર સેફ્ટીના નિયમોનો ઉલાળીયો થતો હોવાની ફરિયાદ ઉઠવા પામી છે. હોટલ, રેસ્ટોરન્ટ, થિયેટર, દવાખાના, નર્સિંગ હોમ તો ઠીક પરંતુ પેટ્રોલ પંપો ઉપર પણ ફાયર સેફ્ટીના નિયમોનું સંપૂર્ણ પાલન શૂન્ય બરાબર જણાઈ રહ્યું છે.